# તલોદમાં રાખડીઓના ભાવોમાં ધરખમ વધારો

તલોદ, તા. ૭

તલોદ સહિત આસપાસના પંથકમાં ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે રાખડીઓની કિંમતમાં ૨૦ થી ૩૦ ટકા જેટલો ભાવ વધારો થવા પામ્યો છે. આ ભાવ વધારાના પરિણામે રાખડીની ખરીદી માટે બજારમાં ગૃહિણીઓનો ઘસારો ઓછો જોવા મળએ છે.

રાજ્યભરમાં શ્રાવણ માસની શરૂઆત થતાની સાથે જ શિવાલયમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. શ્રાવણ માસમાં તહેવારોનું અનેરૂ મહત્વ છે. શ્રાવણ માસમાં જન્માષ્ટમી, રક્ષાબંધન, ગણેશચતુર્થી જેવા ધાર્મિક અને સામાજિક તહેવારો આવે છે ત્યારે હાલ રક્ષાબંધન પર્વને લી બજારો રાખડીઓથી ઉભરાઈ રહ્યા છે.

પરંતુ ગત વર્ષ કરતા ચાલુ વર્ષે રાખડીઓની અવનવી આઈટમો જોવા મળી રહી છે. જેની સાથે રાખડીઓના ભાવોમાં પણ ૨૦ થઈ ૩૦ ટકાનો ભાવ વધારો થવા પામ્યો છે. જેને લઈ ગ્રાહકો રાખડીઓ ખરીદવામાં પાછી પાની કરે છે. ભાવ વધારાને લઈ ગૃહિણીઓ હાલ મુંઝવણમાં મુકાઈ છે.

# ...આવનારા દિવસોમાં ડીસા વિધાનસભા પેટા ચૂંટણીના ઢોલ પીટાવાની શરૂઆત થશે

પાલનપુર, તા. ૭

ડીસાના ધારાસભ્ય શ્રી લીલાધરભાઈ વાઘેલા પાટણ લોકસભા સીટ ઉપર વિજયી બનતાં વિધાનસભાની બેઠક ખાલી કરતાં આવનારા એક બે માસમાં આવનાર પેટા ચૂંટણીમાં બેઠકને જાળવી રાખવા અત્યારે સરકારના તમામ કાર્યક્રમોનું ફોકસ ડીસા વિધાનસભા ક્ષેત્રને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે.

પ્રભારીમંત્રી શ્રીના લોકદરબાર, ડીસા વિધાનસભા ક્ષેત્રની અગ્રણી મહિલાઓનો વિધાનસભા નિહાળવાનો પ્રયાસ મહિલા સંમેલન આગામી જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ડીસા ખાતે યોજવાનું આયોજન અને તેના આનુસાંગિક કાર્યક્રમોને ડીસા વિધાનસભા ક્ષેત્રે સાથે જોડી દેવામાં આવ્યા છે.

ડીસામાં ચૂંટણી લડવા બન્ને મુખ્ય પક્ષો પોતપોતાની રીતે પ્રયત્નશીલ બન્યા છે. તાજેતરમાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા પણ એક મિટીંગ ડીસા ખાતે કાર્યકરોની કરી ગયા. આમ આગામી ચૂંટણીને ધ્યાને લઈને પોતપોતાના ચોકઠા બેસાડી રહ્યા છે. લગભગ ઓક્ટોબરમાં આવનારી આ ચૂંટણીમાં બન્ને પક્ષે ઉમેદવારોની પણ લાઈનો લાગી છે. આ ચૂંટણીમાં ઉમેદવારોની જેટલી યાદી લાંબી થઈ રહી છે તેથી બન્ને પાર્ટીમાં ઉમેદવાર જાહેર થયા પછી બળવો તેમજ પછાડી દેવાની માનસિકતા ઉભી થવાની પ્રચંડ શક્યતાઓ રહેલી છે. ભાજપમાં સંભવિત ઉમેદવારોએ પોતપોતાની રીતે પાર્ટીમાં પોતપોતાના બોસને ભલામણો કરવાની શુભ શરૂઆત કરી દીધી છે. લગભગ તમામ જ્ઞાતિઓમાંથી આવતા આગેવાનોએ આ દિશામાં લોબીંગ શરૂ કરી દીધું છે. જ્ઞાતિની દૃષ્ટિએ જોઈએ તો જિલ્લાની નવ બેઠકોમાં ચૌધરી અને ઠાકોર સમાજ વચ્ચે જ કોંગ્રેસ અને ભાજપની બેઠકો વહેંચાઈ ગઈ છે. બાકીની તમામ કોમો જિલ્લામાં વિધાનસભામાં પ્રતિનિધિત્વ ધરાવતી નથી. બાકીની મુખ્ય જ્ઞાતિઓમાં રબારી, માળી, પ્રજાપતિ અને બ્રાહ્મણ જ્ઞાતિ મુખ્ય છે. જેમના મતો પ્રભુત્વ ધરાવતી સંખ્યામાં છે. આ સંજોગોમાં ભાજપ અને કોંગ્રેસ આ કોમમાંથી કોઈ એકની પસંદગી થશે તે નિશ્ચિત છે. ઉમેદવાર કોઈપણ આવે બન્ને પક્ષોમાં ખુલ્લેઆમ બળવો કે પડદા પાછળ રહી પાડી દેવાના ખેલ ખેલાવાના જ છે. આ જિલ્લાની એક માત્ર પેટા ચૂંટણી હોઈ બન્ને પક્ષો પોતપોતાની જીત માટે તમામ તાકાત રેડી દેવાનો સંકલ્પ કરી દીધો છે.

# કડા ગામે ફેક્ટરીમાં બોઈલર ફાટતા એકનું મોત એક ડઝનથી વધુને ઈજાઓ

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કડા ગામે દૂધનો માવો બનાવતી એક ફેક્ટરીમાં અચાનક કથિત ગરમીનું પ્રમાણ વધી જવાથી બોઈલર ફાટતા એક વ્યક્તિનું મોત થયું હતું. અને એક ડઝન જેટલા માણસોને ઈજાઓ થઈ હતી. જે પૈકી ત્રણની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

જાણવા મળ્યા મુજબ વિસનગર નજીકના કડા ગામે છેલ્લા કેટલાયે વર્ષોથી મૂળ રાજસ્થાની એવા વ્યક્તિ માવાની ભઠ્ઠી કરીને બહાર માવો મોકલવાનું કામ કરે છે. આજે બપોરના અઢી વાગ્યાના સુમારે માવાની આ ફેક્ટરીમાં અચાનક ગરમીનું પ્રમાણ વધી જતાં ધડાકાભેર બોઈલર ફાટ્યું હતું. જેના કારણે અહીં કામ કરતા મજૂરો પૈકી એક મજૂરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે એક ડઝન જેટલા માણસોને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને તુરંત સારવાર માટે વિસનગર હોસ્પિટલમાં ખસેડાયા હતા. જે પૈકી ત્રણથી ચાર જણાઓની સ્થિતિ ગંભીર જણાતા તેઓને વધુ સારવાર અર્થે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં ખેસાડાયા હતા. આ દુર્ઘટનામાં ભઠ્ઠાના માકિને પણ ગંભીર ઈજાઓ થઈ હતી. ઘવાયેલા મોટાભાગના માણસો ભઠ્ઠામાં મજૂરીકામ કરે છે. અત્રે માનવ જાનહાનિ સાથે માવાની ફેક્ટીને પણ નુકશાન થયુંછે. આ ઘટનાની જાણ થતાં તાલુકાના સંબંધિત અધિકારીઓ તેમજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.



## લાટીવાળા ડી.એલ.ઈડી કોલેજનો ઈન્ટર્નશીપ કાર્યક્રમ સંપન્ન

માલપુર તાલુકાની નાથાવાસ પ્રાથમિક શાળામાં ડી.એલ.ઈડી કોલેજનો ઈન્ટર્નશીપ કાર્યક્રમ યોજાયો હતો. મ.લા. ગાંધી ઉ.કે. મંડળ સંચાલિત લાટીવાળા ડી.એલ.ઈડી કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો ઈન્ટર્નશીપ કાર્યક્રમ ૨૫ જુલાઈથી ૬ ઓગસ્ટ સુધી નાથાવાસ પ્રાથમિક શાળામાં જિલ્લા શિક્ષણાધિકારી ઝાલાના અધ્યક્ષ સ્થાને સંપન્ન થયો હતો. આ સમાપન પ્રસંગે નિલેષ જોષી, અંકિત પટેલ, કોલેજના આચાર્ય ડો. સંતોષ દેવકર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : જય અમીન, મોડાસા)

# ડીસામાં ધોળા દીવસે ચોરીની ઘટના : દોઢ લાખથી વધુનો મુદ્દામાલ ચોરી

ડીસા, તા. ૭

ડીસા શહેરની સીવીલ હોસ્પિટલના સરકારી કવાર્ટરમાં આજે ધોળા દીવસે તસ્કરોએ એક મકાનને નિશાન બનાવીને દોઢ લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી ગયા હોવાની ઘટના સામે આવી છે.

ડીસા શહેરની મધ્યમાં આવેલી સીવીલ હોસ્પીટલમાં પરીચારીકા તરીકે ફરજ બજાવતી પદ્માબેન પરમાર નામની મહીલા નોકરી પર જવા નીકળી હતી અને તેમના સાસુ મંદીરે દર્શન કરવા ગયા ત્યારે તેમના અવાવરૂ ઘરનો તસ્કરોએ નિશાન બનાવીને ઘરમાંથી દોઢ લાખની કિંમતના મુદ્દામાલની ચોરી કરી ગયા છે.. પદ્માબેન પરમારના સાસુ મંદીરથી ઘરે આવ્યા ત્યારે તેમનું મકાન અસ્ત વ્યસ્ત હાલતમાં જોયું હતુ અને ઘરમાં જઈ તપાસ કરતાં ઘરમાંથી રોકડ રકમ અને સોના-ચાંદીની રકમ ગાયબ થઈ ગઈ હતી. આ ઘટના બાદ પદ્માબેનના સાસુએ તાત્કાલીક આ અંગેની જાણ પદ્માબેનને કરતાં પદ્માબેને તાત્કાલીક ઘટના અંગેની જાણકારી પોલીસને આપી હતી. પોલીસે ચોરીની આ ઘટના અંગે પદ્માબેન પરમારની ફરીયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.

ડીસા શહેરની મધ્યમાં આવેલી સીવીલ હોસ્પિટલના કવાર્ટરમાંથી ધોળા દીવસે ચોરીની ઘટના બનતાં પોલીસ દોડતી થઈ ગઈ છે અને ડીસા શહેરની મધ્યમાં અને ધોળા દીવસે જો ચોરીની આવી ઘટનાઓને અંજામ આપવામાં તસ્કરો સફળ રહેતા હોય તો શહેરથી દુર આવેલા વિસ્તારોની સલામતી કેટલી હશે તે વિચારવા લાયક છે.



## હામાવાસ કંપામાં શ્રાવણી અગિયારસની ઉજવણી કરાઈ

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા પાસે સ્થિત દામાવાસ કંપામાં નિષ્કલંકી નારાયણ જ્યોતિધામ ખાતે શ્રાવણી અગિયારસની ઉજવણી કરવામાં આવી હતી. અગિયારસની ઉજવણીને લઈ ગ્રામજનો દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયો હતા. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટ્યા હતા અને પૂજા અર્ચના કરી દર્શનનો લ્હાવો લીધો હતો. ભાવિકોએ મોટી સંખ્યામાં મહાપ્રસાદનો પણ લાભ લીધો હતો. અંતે ગતિશિલ ગુજરાત કાર્યક્રમના ભાગરૂપે મામલતદારની આગેવાનીમાં કુપોષણ મુક્ત કરવા સંકલ્પ લીધા હતા. (વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

### મહીલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે

# બનાસકાંઠા જીલ્લા ભાજપ મહીલા મોરચા ધ્વારા છેડાયું પર્યાવરણ જન-જાગૃતિ અભિયાન

## પાલનપુરની મહીલા આર્ટસ કોલેજ ખાતે વૃક્ષારોપણ બાદ ૫૦૦થી વધુ રોપાંઓનું છાત્રાઓને કરાયું વિતરણ

પાલનપુર, તા. ૭

ગુજરાતના મહીલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના મહીલા મહીલા મોરચાના અધ્યક્ષા કુસુમબેન રાવલની ટીમે પર્યાવરણ પરત્વે જન-જાગૃતિ કેળવતી નાની પણ અસરકારક ભાજપ મહામંત્રી નગીનદાસ મોદી, ચંદ્રકાંત રાવલ (છલ્લુ) સહીતના ભાજપના કાર્યકરો અને મોટી સંખ્યામાં



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સશકિતકરણના અભિગમ થકી હાલમાં રાજયભરમાં ૧લી ઓગસ્ટથી મહીલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી થઈ રહી છે. ત્યારે બનાસકાંઠા જીલ્લા ભાજપ મહીલા મોરચા ધ્વારા મહીલા સશકિતકરણની સાથે સાથે..ગ્લોબલ વોર્મિંગની વૈશ્વિક સમસ્યા પરત્વે ચિંતા જતાવતા પર્યાવરણ જન-જાગૃતિ અભિયાન છેડતો એક રચનાત્મક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે પાલનપુર શહેરની એન.પી.પટેલ આર્ટસ મહીલા કોલેજ સંકુલમાં વૃક્ષારોપણ બાદ બનાસકાંઠા જીલ્લા ભાજપ મહીલા મોરચા ધ્વારા કોલેજની છાત્રાઓને ૫૦૦થી વધુ રોપાઓનું વિતરણ કરાયું હતું. અને રોપાંના જતન અને માવજત માટે કોલેજની છાત્રાઓને સંકલ્પબધ્ધ કરાઈ હતી.

મહીલા સશકિતકરણની સાથે સામાજીક દાયિત્વ નિભાવવાની નેમ સાથે બનાસકાંઠા જીલ્લા ભાજપ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં શહેરની એન.પી.પટેલ મહીલા આર્ટસ કોલેજમાં કોલેજના એન.એસ.એસ. ગ્રૃપના સંયુકત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. બાદમાં કોલેજમાં અભ્યાસ કરતી છાત્રાઓને બનાસકાંઠા જીલ્લા ભાજપ મહીલા મોરચા ધ્વારા ૫૦૦થી વધુ રોપાંઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વૃક્ષના રોપાંઓના વિતરણ સાથે કોલેજની છાત્રાઓને એક-એક વૃક્ષ દત્તક આપીને તેઓને જે-તે વૃક્ષના જતન અને માવજત માટે લેખિતમાં સંકલ્પબધ્ધ કરાયા હતા.

આ કાર્યક્રમમાં બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ, બનાસકાંઠા જીલ્લા ભાજપ મહીલા મોરચાના પ્રમુખ કુસુમબેન રાવલ, કોલેજના આચાર્યા આરતીબેન પટેલ, એન.એન.એસ.ના પ્રોગામ ઈન્ચાર્જ કલ્પનાબેન ભટ્ટ, દીપ્તીબેન ભાખરીયા, પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હસમુખ પઢીયાર, શહેર કોલેજની છાત્રાઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



ગતિશીલ ગુજરાત લક્ષ-૧૦૦ દિવસ મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત પ્રાંતિજ તાલુકામાં આરોગ્ય કેન્દ્ર ખાતે મહિલા આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો હતો. જેમાં ૩૭૬ મહિલાઓ તથા ૧૪૨ બાળકીઓની તબીબી તપાસ કરવામાં આવી હતી. આ તપાસણી કાર્યક્રમ ડૉ. મનીષ ફેન્સી અને ડૉ. ગૌતમ નાયકના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ઊંઝાના વેપારી સામે વાણિજયવેરા અધિકારીએ ફરિયાદ નોંધાવતા ચકચાર

ઊંઝા ખાતે મસાલા સહિતની કૃષિ ચીજોનો વેપાર કરનાર એક ટ્રેડીંગ કંપનીએ આભાશી ખરીદ વ્યવહારો થકી વેચાણો દર્શાવી વેરો ભરવાનું ટાળીને તેમજ બિલીંગ ચેનલ સાથે સંકળાયેલ વેપારીના ખરીદ વ્યવહારો દર્શાવી અનઅધિકૃત રીતે ખોટી વેરા શાખ મેળવી સરકારી આવકને અંદાજે સાડા ત્રણ કરોડ રૂપિયાનું નુકસાન પહોંચાડવા બદલ ટ્રેડીંગ કંપનીના સંચાલક વિરૂધ્ધ સ્થાનિક વાણિજય વેરા અધિકારીએ ફરિયાદ નોંધાવતાં વેપારી આલમમાં ભારે ચકચાર જાગી છે.

ઊંઝા ખાતે સ્ટેશન રોડ પર આવેલ તિરૂપતિ માર્કેટમાં મહામાયા ટ્રેડીંગ કંપનીના નામે વેપારી પેઢી ધરાવતા અગ્રવાલ વિષ્ણુભાઈ રામનાથજીએ ગત સને ૦૭-૨૦૦૮ના વર્ષ દરમિયાન મસાલાની ચીજો જીરુ-રાઈ વરિયાળી તેમજ ઈસબગુલની આભાશી ખરીદી કરી હતી તેમજ આવી ખરીદી થકી વેચાણોના વ્યવહારો દર્શાવી સરકારી વેરો ભરવાનું ટાળીને મોટી રકમની કરચોરી કરી હતી. વધુમાં બિલીંગ ચેનલ સાથે સંકળાયેલ વેપારીના ખરીદ વ્યવહારો દર્શાવીને અનઅધિકૃત રીતે ખોટી વેરા શાખ મેળવી સરકારી આવકને મોટું નુકશાન પહોંચાડી સરકારી ટેક્ષની ચોરી કરી હોવાનું ઊંઝા વાણિજય વેરા અધિકારીના ધ્યાન પર આવ્યું હતું. જેથી વાણિજય વેરા અધિકારી રાવ સંગીતાસિંહ હર્ષદકુમારે ઉપરોકત વેપારી પેઢીના સંચાલક દ્વારા રૂપિયા ૩૪૨૩૦૨૫૨ની ટેક્ષચોરીના મામલે પેઢીના સંચાલક અગ્રવાલ વિષ્ણુભાઈ રામનાથજી રહે. ઊંઝા વિરૂદ્ધ સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસર ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે. ગત જુલાઈ માસમાં ઊંઝા માર્કેટયાર્ડમાં આવેલ કાલિકા ટ્રેડર્સ નામની વેપારી પેઢીના ભાગીદાર માધવલાલ લીલાચંદ પટેલ રહે. ટુંડાવ ઊંઝાવાળા વિરૂધ્ધ રૂપિયા ૮૩ લાખની કરચોરી બાતે સ્થાનિક વાણિજય વેરા અધિકારીએ પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી.

# ઊંઝામાં ઘરમાં ઘુસી કિશોરીને માર મારી ૭૭ હજારની મત્તાની ચોરી

ઊંઝા, તા. ૭

ઊંઝા તાલુકાના ટુંડાવ ગામે ધોળા દિવસે એક શિક્ષિકાના મકાનમાં ઘુસેલા બે અજાણ્યા શખ્સોએ મકાનમાં હાજર કિશોરીને માર મારી અંદરથી રોકડ રકમ તેમજ સોનાના દાગીના મળી કુલ ૭૭ હજારની કિંમતની મત્તાની લૂંટ ચલાવી ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે ભયની લાગણી ફેલાઈ છે.

વિગત એવી છે કે ટુંડાવ ગામે પ્રભુનગર સોસાયટીમાં રહેતા શિક્ષિકા ક્રિસ્ટીનાબેન અસારી બપોરના સમયે સ્કૂલમાં ગયા હતા ત્યારે બપોરના અઢી વાગ્યાના સુમારે બે અજાણ્યા છોકરા જેવા ઈસમો શિક્ષિકાના મકાનમાં ઘુસી આવ્યા હતા. આ શખ્સોએ મકાનમાં હાજર એક કિશોરીને માર માર્યો હતો. ત્યાર બાદ મકાનમાંથી પંદર હજારની રોકડ રકમ, સોનાની બંગડી અને વિંટી મળી કુલ ૭૭,૦૦૦ ની કિંમતની મત્તાની લૂંટ ચલાવી ક્યાંક નાસી છૂટ્યા. ધોળા દિવસે લૂંટની ઘટના બની હોવાની જાણ થતાં ગામના સરપંચ સહિત ગ્રામજનો ઘટનાસ્થળે દોડી ગયા હતા. અને આસપાસના વિસ્તારોમાં લૂંટારૂોની શોધખોળ આદરી હતી પરંતુ ક્યાંય પત્તો મળ્યો ન હતો.

ઉપરોક્ત બનાવ અંગે ગામના સરપંચ મનોજભાઈ પટેલે ઊંઝા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બે અજાણ્યો છોકરાઓ વિરૂદ્ધ લૂંટનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઉત્રે ઉલ્લેખનીય છે કે ઊંઝા વિસ્તારમાં પોલીસની નિસ્ક્રિતાથી ગુનાખોરીએ માથું ઉંચક્યું છે. છેલ્લા ઘણા વખતથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં નાની મોટી ઘરફોડચોરીઓ, વાહનચોરીઓ, ઢોર ચોરીઓ, લૂંટ, અપહરણ, રાયોટીંગ જેવા ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ સાથે ઊંઝા તાલુકામાં દેશી વિદેશી દારૂ, જુગારના અડ્ડાઓ, અનીતિના ધંધા, કેફી પદાર્થોનું વેચાણ જેવી સમાજ વિરોધી બદીઓ ફૂલીફાલી હોઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન ખાડે ગઈ છે.

## દુઃખદ અવસાન

ધનસુરા બાવીસી ગોમતીવાળ બ્રહ્મસમાજના અગ્રણી જગદીશચંદ્ર ગૌરીશંકર ગૌરનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની પ્રાર્થના સભા આજરોજ તા. ૮મી ઓગસ્ટને શુક્રવારના રોજ બપોરે ૧૨ થી ૪ કલાક દરમિયાન જે.એસ. મહેતા હાઈસ્કૂલના હોલમાં યોજાશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુઝિવ શો-રૂમ

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦